# ટ્રેક નં. ૬૩ : નિર્ણય વિષે

✻ પ્રશ્ન : પૂજ્ય બહેનશ્રીએ અનુભવથી નિર્ણય કર્યો કે સ્વભાવ જ સત્ છે. આ નિર્ણય એટલે શું? અને કેવી રીતે કરાય? એ તો અનુભવી જ્ઞાની ધર્માત્મા બહેનશ્રી જ કહી શકે ને?

✻ માંગલિક :

✻ ભક્તિ : નિર્ણય હો આત્મજ્ઞાન સહ, નિર્ણય હો વજ્રસ્થંભ,<br>
મોક્ષ સુધી ફરે નહીં મમ્ નિર્ણય હો અડગ. (૨)

✻ પ્રશ્ન : વિકલ્પાત્મક એ સાચા નિર્ણયનું સ્વરૂપ અફર હોય એમ કહી શકાય?

● ઉત્તર : હજી એને વિકલ્પવાળો છે. ૧.

✻ પ્રશ્ન : ત્યાં વિકલ્પવાળો. પણ એમાં પણ કાંઈ જ્ઞાનની સૂક્ષ્મતાથી વિકલ્પાત્મક ભાવભાસન એને થયું પણ છતાં હજુ રુચિ જો પૂરી ન હોય તો હજું પણ એને યથાર્થ નિર્ણય થવામાં વાર લાગે. એવું ખરું?

● ઉત્તર : એને રુચિ ન હોય તો પછી નિર્ણય કરીને પાછો છૂટી જાય. એટલે રુચિ પ્રબળ હોય તો એમને એમ નિર્ણયને ટકાવી રાખે તો નિર્ણય જો એનો આગળ કાર્ય કરે કે 'આ હું છું ને આ હું નથી. આ હું છું ને આ હું નથી' એમ નિર્ણય જેની રુચિ હોય તો ઈ દઢતાપૂર્વક નિર્ણય એનું કાર્ય કરે કે 'આ હું છું ને આ હું નથી.' એવું એને ભલે અભ્યાસરૂપ યથાર્થ નથી પણ તેનું કાર્ય કર્યા કરે તેને કાંઈક અભ્યાસ કરતાં કરતાં યથાર્થ થવાનો અવકાશ છે. ૨.

✻ પ્રશ્ન : પણ ઈ પણ હજી તો સવિકલ્પ લેવો ને?

● ઉત્તર : હજી સવિકલ્પ છે. વિકલ્પવાળો છે. સહજ નથી. હજી એને બુદ્ધિપૂર્વક કહેવાય. ૩.

✻ પ્રશ્ન : આપનું એમ કહેવું છે ને કે સવિકલ્પ નિર્ણય યથાર્થ આ રીતે ટકી રહે અને રુચિમાં પૂરેપૂરું આત્માને લે ત્યારે એને સવિકલ્પ નિર્ણય યથાર્થ થાય? ત્યારે સવિકલ્પ થવાનો અવકાશ છે.

● ઉત્તર : ત્યારે સવિકલ્પ થવાનો અવકાશ છે. (નિર્વિકલ્પ તો આખો વિકલ્પ તૂટીને અંદરમાં જાય ત્યારની વાત છે. ૪.)

✻ પ્રશ્ન : શ્રદ્ધા નિર્વિકલ્પ છે ?

● ઉત્તર : શ્રદ્ધા નિર્વિકલ્પ છે. પણ પહેલા વિચારસે નિર્ણય કરના ચાહિયે. પહેલા તો ઐસે વિચાર આતા હૈ. પહેલે તો પ્રતીત દૃઢ નહીં હોય તો પહલે વિચાર આતા હૈ. વિચારસે અપના સ્વભાવ (પિછાનના) ચાહિયે કે મૈં જ્ઞાનલક્ષણ અસાધારણ જ્ઞાનલક્ષણસે અખંડ દ્રવ્યકો પિછાનના (પહિચાનના) ચાહિયે. જ્ઞાનસે વિચાર કરકે પ્રતીતિકો દૃઢ કરના ચાહિયે. પહેલે વિચાર આતા હૈ. તત્વકા વિચાર. વારંવાર 'મૈં ભિન્ન હૂઁ, યે મૈં નહીં હૂં' ઐસા સ્વભાવકો ભીતરસે ઈસકા લક્ષણ પિછાન કરકે યે નક્કી કરના ચાહિયે. શ્રદ્ધા ભલે નિર્વિકલ્પ હોય. હજી જ્ઞાન કામ કરતા હૈ. જ્ઞાન વિચાર એ નક્કી કરકે શ્રદ્ધાકો દૃઢ કરની ચાહિયે. મુક્તિકા માર્ગ સમ્યગ્દર્શનસે પ્રગટ હોતા હૈ પરંતુ પહેલે જબ સમ્યક્દર્શન નહીં હોવે તબ વિચાર, યે જ્ઞાન, યથાર્થ જ્ઞાન કરના ચાહિયે. જ્ઞાન બીચમેં આતા હૈ. પ્રતીતકો દૃઢ કરના. ૫.

✻ પ્રશ્ન : શ્રદ્ધાની વાત કરી છે તો વિકલ્પાત્મક શ્રદ્ધાની વાત કરી કે વિકલ્પાત્મક નિર્ણય કે હું જ્ઞાયક જ છું. એવો વિકલ્પાત્મક નિર્ણય એ નિર્ણય સાચો છે કે અયથાર્થ (નિર્ણય) છે ? એ અમુક પ્રકારના વિકલ્પો ને અમુક પ્રકારના રાગ ઉત્પન્ન થાય છે ત્યારે એ છૂટા પડી જાય છે કે જાણે આ નિર્ણય યથાર્થ છે કે નથી ? એમાં બે પ્રકાર ભજે છે તો પણ સાથે એમ થાય છે કે સાચો છે કે ખોટો કે ભ્રમ તો થતો નથી. આવા પરિણામો આવ્યા જ કરે છે ને એ પણ લાંબાકાળ સુધી આવ્યા જ કરે ત્યારે વિમાસણ થાય છે એટલે રાગમાં એકત્વપણું–રાગમાં રહેવાની બુદ્ધિ થયા કરે છે ?

● ઉત્તર : શ્રદ્ધા કઈ જાતની છે એ જ્ઞાનથી પકડાય છે. શ્રદ્ધામાં પોતે એ નિશ્ચય કરી શકે નહીં અને શ્રદ્ધા સાચી છે કે નહીં

એમ ય (પણ) શંકા પડે, પણ ઈ પછી એ કઈ જાતની શંકા પડે છે અને કઈ જાતની પોતે શ્રદ્ધા કરી છે? એમ શંકા પડે તોય પછી જ્ઞાનથી નક્કી કરી શકે કે મારી શ્રદ્ધા કઈ જાતની છે? એને વચ્ચે રાગ ને બધુ આવે અને એકત્વબુદ્ધિ આવે છે. એને લઈને કાંઈ શ્રદ્ધામાં શંકા પડે છે. પણ શ્રદ્ધા કઈ જાતની છે? તે પાછું જ્ઞાનથી નક્કી કરી શકે છે. વિકલ્પાત્મક શ્રદ્ધા છે એટલે ઈ શ્રદ્ધા એક જાતની રહેતી નથી તો શંકા પડે તો એ શંકાનો નિર્ણય પાછો જ્ઞાનથી થાય છે. એ રાગથી થાય એવું નથી. જ્ઞાન એનો નિર્ણય કરી શકે છે કે શ્રદ્ધા કઈ જાતની છે? એ યથાર્થ છે? ભૂલવાળી છે? કે આ શ્રદ્ધા સાચી હતી? તો પણ એકત્વબુદ્ધિને કારણે શંકા પડી છે. શ્રદ્ધા તો સાચી છે પણ એકત્વબુદ્ધિ થઈ જવાથી પોતાના પુરુષાર્થની મંદતાને લઈને એ શ્રદ્ધામાં શંકા પડે છે. તો જ્ઞાન નિર્ણય કરે છે. એકત્વબુદ્ધિ (છે) હજી તો ભેદજ્ઞાન થયું નથી. ન્યારો થયો નથી. એકત્વબુદ્ધિ છે અને એમાં વિકલ્પથી નિર્ણય કર્યો છે. એટલે ઈ શ્રદ્ધા એને બરાબર નિશ્ચળ રહેવી જોઈએ તે રહેતી નહોતી. (એમાં) શંકા પડે છે એ જ્ઞાનથી નક્કી થાય છે. એ રાગથી નક્કી ન થાય. જ્ઞાન બધો નિર્ણય કરે છે. સાચું છે, ખોટું છે, યથાર્થ છે કે યથાર્થ નથી એ બધું જ્ઞાનથી નક્કી થાય છે. એ કરી શકે છે. પોતે પોતાનો નિર્ણય કરી શકે છે કે શ્રદ્ધા સાચી છે. સાચી હોવા છતાં શંકા પડે. ખોટી હોય તોય શંકા પડે. સાચી હોય તોય શંકા પડવાનું કારણ કે પોતે હજી સાચું જે યથાર્થ પરિણમન થવું જોઈએ એ થયું નથી. વિકલ્પથી શ્રદ્ધા કરે છે એ પ્રમાણે ટકતી નથી ને રાગમાં એકત્વબુદ્ધિ થાય છે એટલે એને શંકા પડી જાય છે. જે ગુરુદેવે કીધો છે જે માર્ગ છે ને અમુક યુક્તિથી નિર્ણય કર્યો હોય, ઈ તો પણ પોતાની એટલી અંદર તૈયારી અને ઈ જાતની લગની ન હોય એને જે અનાદિનો પ્રવાહ હોય એમાં ચાલ્યો જાતો હોય એટલે (એને) શંકા પડે તો શંકાને જાણે. શ્રદ્ધાને શ્રદ્ધાથી નહીં. જ્ઞાનથી નક્કી કરે છે. ૬.

✻ પ્રશ્ન : નિર્ણય તો યથાર્થ પણ હોઈ શકે, પણ એક્તા તૂટી નથી એટલે એક્તાબુદ્ધિના કારણે?

● ઉત્તર : નક્કી કર્યું હોય તો તો ચળવિચળ થઈ જાય છે કારણ કે એનો પ્રવાહ અનાદિનો છે. એમાંય ચળવિચળ થાય. ખોટું છે એને ખોટું ય હોય. સાચું હોય. પણ યથાર્થ હજી ન્યારો નથી થયો ને વિકલ્પથી શ્રદ્ધા (છે,) વિકલ્પથી યુક્તિથી કરી છે તો એ ટકી ન શકે તો એમાં ફેરફાર થાય છે. પણ એ જ્ઞાનથી નક્કી થાય છે. અનાદિના પ્રવાહમાં ચાલ્યો જાય છે એટલે એને શંકા પડે છે. ૬.

✻ પ્રશ્ન : એ નિર્ણય યથાર્થ છે એ કેવી રીતે નક્કી થાય? યથાર્થ નિર્ણયમાં એવું શું હોય છે કે જે અનુભવમાં આવે?

● ઉત્તર : એ નિર્ણય પોતે રુચિથી અને સ્થૂળતાથી કરે છે નિર્ણય એ જુદો. અંતરથી જે નિર્ણય કરે છે એ નિર્ણય પોતાને ખ્યાલ આવી જાય કે આ નિર્ણય એવો યથાર્થ છે કે એની પાછળ અવશ્ય સ્વાનુભૂતિ થાય. ઈ સ્વભાવ ઓળખીને નિર્ણય થાય છે અંતરમાં કે 'આ જે ચૈતન્ય સ્વભાવ છે તે હું છું. જ્ઞાયક સ્વભાવ તે હું છું. આ વિભાવ તે હું નથી.' એનો સ્વભાવ અંદરથી ભાવ પોતાનો સ્વભાવ ઓળખીને નિર્ણય આવે છે. ઈ નિર્ણય એવો હોય છે કે એને ખ્યાલ આવે કે આ કારણ એવું છે કે અવશ્ય કાર્ય આવવાનું જ છે. એને વિકલ્પથી અંશે છૂટા પડીને ઈ સ્વાનુભૂતિની એક જુદી વાત છે પણ એને એવી પ્રતીત અંતરથી આવે છે કે 'આ જે જ્ઞાયક તે જ હું છું. આ વિભાવ તે હું નથી. શાશ્વતો ચૈતન્ય સ્વભાવ—એનું અસ્તિત્વ એનું અસ્તિત્વ તેને યથાર્થપણે અંતરમાંથી ગ્રહણ થઈ જાય છે. એ ભલે હજી નિર્વિકલ્પ નથી તો પણ એને બુદ્ધિમાં પણ એવું ગ્રહણ થઈ જાય છે. બાકી સ્થૂળતાથી નિર્ણય આવે એ જુદી વાત છે. પોતાને રુચિ થાય કે માર્ગ આ જ છે. બીજો માર્ગ નથી. આ વસ્તુ કોઈ અપૂર્વ છે એવી રુચિ થાય એ જુદી વાત પણ જે અંતરમાંથી નિર્ણય આવે છે એ નિર્ણય સ્વભાવને ઓળખીને આવે છે કે આ જે 'ચૈતન્ય જ્ઞાયક

છે, આ જેટલું જ્ઞાન છે તેટલો જ હું છું. આ વિભાવ તે હું નથી.' એવો અંતરમાંથી એને એવો નિર્ણય આવે છે અને વારંવાર એને એની દૃઢતા થયા કરે છે. વારંવાર તે તરફ એની પરિણતિ વળે છે કે 'આ (સ્વભાવ) તે હું જ છું. આ (વિભાવ) તે હું નથી જ.' એવી જાતનો તેને સ્વભાવ ઓળખીને નિર્ણય આવે છે. જે સ્વભાવ ઓળખીને નિર્ણય આવે એની પાછળ અવશ્ય એને સ્વાનુભૂતિ આવ્યા વગર રહેતી જ નથી. એનું અંતર જ કહી દે છે કે આ નિર્ણય એવી જાતનો છે કે 'આ સ્વભાવ. આ જ્ઞાયક સ્વભાવ તે જ હું છું, બીજું હું નથી, આ નિર્વિકલ્પ સ્વભાવ તે જ હું છું.' પણ એની લીનતાની ખામી—હજી નિર્વિકલ્પ થતાં વાર લાગે તો પણ ઈ નિર્ણય એવો હોય છે કે અવશ્ય એમાં તેને સ્વાનુભૂતિ આવ્યા વગર રહેતી નથી. મતિ- શ્રુતજ્ઞાનની બુદ્ધિ જે બહાર જાતી તે પોતે પોતાને નિર્ણય કરે છે કે 'આ જ્ઞાન સ્વભાવ તે જ હું છું. વિભાવ તે હું નથી' એમ નિર્ણય કરીને પોતાનો ઉપયોગ જ્યારે પોતા તરફ વળીને એમાં લીનતા કરે તો સ્વાનુભૂતિ થાય છે. પહેલા જ્ઞાનસ્વભાવ ઓળખીને નિર્ણય કરે કે આ 'જે જ્ઞાન છે તે જ હું છું. શાસ્ત્રમાં એમ આવે છે. ગુરુદેવ પણ એમ જ કહેતા હતાં કે યથાર્થ કારણ હોય તો યથાર્થ કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. એવો શુદ્ધાત્માનો અંતરમાંથી નિર્ણય એને આવે છે. એનું અંતર જ કહી દે કે આ સ્વાનુભૂતિ અવશ્ય આમાં આવશે જ. ૭.

**✻ પ્રશ્ન : સ્વભાવને ઓળખીને નિર્ણય થાય એ યથાર્થ નિર્ણય છે એમ આપનું કહેવું છે?**

● ઉત્તર : સ્વભાવને ઓળખીને નિર્ણય થાય કે 'આ જ્ઞાન છે તે જ હું છું. આ વિભાવ છે તે હું નથી'. એમ બુદ્ધિ સ્થૂળ થાય તે જુદું, પણ અંતરમાંથી એને ગ્રહણ કરીને નિર્ણય આવે છે કે 'આ સ્વભાવ તે જ હું છું'. અંતરમાંથી સ્વભાવ ગ્રહણ કરે છે. ૮.

**✻ પ્રશ્ન : એવો યથાર્થ નિર્ણય થાય એને અનુભૂતિ એની**

પાછળ આવે જ ?

● ઉત્તર : એને પાછળ આવે જ. પછી એમાં કેટલો કાળ લાગે એનો નિયમ નહીં પણ અવશ્ય આવે જ એવું કારણ યથાર્થ છે માટે. ૯

✻ પ્રશ્ન : સ્વભાવને ઓળખીને નિર્ણય થાય એ યથાર્થ નિર્ણય કહેવાય ?

● ઉત્તર : સ્વભાવ ઓળખીને નિર્ણય આવે છે કે આ જ્ઞાન સ્વભાવ તે જ હું છું. બીજું હું નથી. એ મતિ ને શ્રુત દ્વારા નિર્ણય કરે છે. પછી મતિશ્રુતનો ઉપયોગ જે બહાર પ્રવર્તે છે એને અંતરમાં લાવે ને લીનતા જો થાય તો નિર્વિકલ્પ થાય છે. પણ પહેલાં એનો નિર્ણય આવે છે યથાર્થ. ૧૦.

✻ પ્રશ્ન : સ્વભાવના યથાર્થ નિર્ણય પહેલા શું ? પછી શું ?

● ઉત્તર : પહેલા તો એને અમુક રુચિ હોય છે સ્વભાવ તરફ વળવાની કે આત્માનો સ્વભાવ કોઈ અપૂર્વ છે. કરવા જેવું આ જ છે આ બધું વિભાવ છે. એવી જાતની રુચિ અંતરમાં રહ્યા કરે છે કે માર્ગ આ જ છે. ગુરુદેવે બતાવ્યો ઈ એક જ માર્ગ છે. બીજો માર્ગ નથી. એવો એમાં સ્થૂળબુદ્ધિથી નિર્ણય કર્યો હોય છે સ્થૂળતાથી પણ સ્વભાવ ઓળખીને અંતરમાંથી જે નિર્ણય થાય ઈ નિર્ણય હજી ન હોય પણ રુચિ એ તરફની હોય છે. માર્ગની કોઈ રુચિ થાય છે. ત્યાર પહેલાં કોઈ રુચિ પણ અપૂર્વ થાય છે. પણ એ રુચિ હોય છે. ૧૧.

✻ પ્રશ્ન : જ્યાં સુધી સ્વભાવ ઓળખાય નહીં ત્યાં સુધી નિર્ણય છે તે સાચો નિર્ણય જ ન કહેવાય ?

● ઉત્તર : એ નિર્ણય નથી. યથાર્થ કારણ નથી પ્રગટ્યું. જેને કોઈ અપૂર્વ રુચિ હોય તો અવશ્ય એ રુચિ એની તરફ જાય છે. અપૂર્વ રુચિ હોય તો એને વર્તમાન કોઈ એને સંતોષ આવે એવી જાતનું કોઈ. ઈ નિર્ણય એવો નિર્ણય હોતો નથી. વર્તમાન કોઈ સંતોષ એને ક્યારે આવે ? સ્વભાવ ઓળખીને નિર્ણય થાય તો. બાકી

રુચિ હોય એને અપૂર્વ રુચિ થાય અંતરમાં કે માર્ગ આ જ છે. આ પુરુષાર્થ કરે છૂટકો છે. અને આ જ કરવું છે એવી રુચિ થાય છે. ૧૨.

પ્રશ્ન : નિર્ણય પોતે જ કરવાનો છે ?

● ઉત્તર : પોતે જ પોતાના અસ્તિત્વમાં પોતાની પર્યાય જ એ તરફ વળે તો શાશ્વત વિષયને ગ્રહણ કરી લે. દૃષ્ટિનો વિષય શાશ્વત દ્રવ્ય છે. એનો બુદ્ધિથી નિર્ણય કરી લે. વિકલ્પ ઊભા હોય તોય પોતે પોતાને ગ્રહણ કરી શકે છે પણ એ ઊંડો ઊતરે તો. તીક્ષ્ણ હોય તો. ૧૩

સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.